


# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

Volume : 18
Issue : 115
Dt.: 04-01-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત

# વેનેઝુએલા પર હુમલા બાદ અમેરિકાએ માદુરો અને તેમની પત્નીને કેદ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

૨૦૨૬ની શરૂઆતમાં જ લેટિન અમેરિકાના ઈતિહાસનો સૌથી મોટો સૈન્ય અને રાજકીય ઉલટફેર જોવા મળ્યો છે. અમેરિકાની સેનાએ એક બાદ એક વેનેઝુએલાના ચાર મોટા શહેરો પર હુમલા કર્યા. ગણતરીની કલાકોમાં વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્નીને કેદ કરી દેશ બહાર લઈ ગયા. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે, કે અમેરિકાએ વેનેઝુએલા પર મોટા પાયે હુમલા કર્યા છે. જે બાદ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમના પત્નીને કેદ કરી દેશની બહાર લઈ જવાયા છે.

નોંધનીય છે કે નિકોલસ માદુરો રશિયા અને ચીનના જૂના સહયોગી રહ્યા છે. એવામાં હવે આ બંને દેશો આ મુદ્દે શું પ્રતિક્રિયા આપે છે તેના પર દુનિયાની નજર રહેશે. લાંબા સમયથી આર્થિક સંકટથી પસાર થઈ રહેલા વેનેઝુએલામાં શાસન પરિવર્તના સંકેત દેખાઈ રહ્યા છે. અમેરિકાની આ



કાર્યવાહી માત્ર ડ્રગ્સ વિરુદ્ધ જ નહીં વેનેઝુએલાની વર્તમાન સરકારને હટાવી અન્ય સરકારને લાવવાના પ્રયાસ હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. વેનેઝુએલાની સરકારે અમેરિકાની સૈન્ય આક્રમકતાની ટીકા કરી છે. તેમનો આરોપ છે કે અમેરિકાએ કારાકાસ જ નહીં મીરાંડા, અરગુઆ અને લા ગુઈરામાં પણ હવાઈ હુમલા હુમલા કર્યા છે. વેનેઝુએલાના પ્રમુખ માદુરોએ દેશમાં નેશનલ ઈમરજન્સી જાહેર કરી છે.

કોલંબિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રો ખૂલીને વેનેઝુએલાની પડખે આવ્યા છે. તેમણે કહ્યું છે કે અમેરિકાએ વેનેઝુએલા પર મિસાઈલથી હુમલો કર્યો છે. જેથી સંયુક્ત રાષ્ટ્રએ તાત્કાલિક બેઠક બોલાવવી જોઈએ. ક્યુબાના પ્રમુખ મિગુએલ ડિયાઝ કેનેલે પણ અમેરિકાની ટીકા કરી છે. તેમણે અન્ય

## અમેરિકાની સેનાએ ચાર મોટા શહેરો પર હુમલા કર્યા

દેશોને પણ અપીલ કરી છે કે તેમણે અમેરિકાની ગુનાહિત કાર્યવાહીનો વિરોધ કરવો જોઈએ. આ લેટિન અમેરિકન ક્ષેત્ર વિરુદ્ધ એક પ્રકારનો આતંકવાદ જ છે.

નોંધનીય છે કે છેલ્લા થોડા સમયથી અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અવાર નવાર વેનેઝુએલાના પ્રમુખ માદુરોને સીધી ધમકી આપી ચૂક્યા છે. આટલું જ નહીં બંને દેશોએ સેનાઓ પણ એલર્ટ મોડમાં રાખી હતી. અમેરિકાએ હાલના દિવસોમાં વેનેઝુએલાના ઓઈલના જહાજો પર પણ હુમલો કર્યો હતો. અમેરિકાનો આરોપ છે કે વેનેઝુએલા ડ્રગ્સની હેરફેરમાં સામેલ છે. નોંધનીય છે કે શુક્રવારે વેનેઝુએલાએ કહ્યું હતું કે ડ્રગ્સની હેરાફેરીના આરોપો મુદ્દે તેઓ અમેરિકા સાથે વાતચીત કરવા માટે તૈયાર છે. હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં વેનેઝુએલાના પ્રમુખ માદુરોએ કહ્યું હતું, કે અમેરિકા યેનકેન પ્રકારેણ વેનેઝુએલામાં સત્તાપલટો કરાવવા માંગે છે. અમેરિકા વેનેઝુએલાના વિશાળ તેલ ભંડાર સુધી પહોંચવા માંગે છે. બીજી તરફ અમેરિકાનો આરોપ છે કે માદુરો અમેરિકામાં નાર્કો આતંકવાદ ફેલાવી રહ્યા છે. તેમના પર ડ્રગ્સની હેરાફેરીનો આરોપ છે. સપ્ટેમ્બર મહિનામાં અમેરિકાની સેનાએ વેનેઝુએલાના જહાજો પર હુમલા શરૂ કર્યા હતા.

# ધર્મશાળાની કોલેજમાં રેગિંગ કાંડ: વિદ્યાર્થિનીના મોત બાદ વધ્યો વિવાદ; પ્રોફિસર સહિત ત્રણની સામે કેસ

### અભ્યાસ કરતી ૧૯ વર્ષીય વિદ્યાર્થિનીના સારવાર દરમિયાન મોતના મામલે ભારે વિવાદ ઉભો થયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ધર્મશાળા

હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લાના ધર્મશાળા ડિગ્રી કોલેજમાં અભ્યાસ કરતી ૧૯ વર્ષીય વિદ્યાર્થિનીના સારવાર દરમિયાન મોતના મામલે ભારે વિવાદ ઉભો થયો છે. વિદ્યાર્થિનીના પરિજનોની ફરિયાદના આધારે પોલીસે એક પ્રોફેસર સહિત ત્રણ વ્યક્તિઓ સામે રેગિંગ અને યૌન ઉત્પીડનના આરોપો હેઠળ FIR નોંધી છે. આ કેસે રાજ્યભરમાં શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થિનીઓની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મૃતક વિદ્યાર્થિની કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી હતી. પરિવારજનોનો આરોપ છે કે ૧૮ સપ્ટેમ્બરના રોજ કોલેજની કેટલીક વિદ્યાર્થિનીઓએ તેના સાથે મારામારી કરી હતી અને ધમકીઓ આપી હતી. એટલું જ નહીં, ફરિયાદમાં કોલેજના પ્રોફેસર અશોક કુમાર પર વિદ્યાર્થિની સાથે યૌન ઉત્પીડનનો પણ ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે.

પરિજનોનું કહેવું છે કે, આ ઘટનાઓ બાદ વિદ્યાર્થિનીને ભારે આઘાત લાગ્યો હતો.

ધીમે-ધીમે તેની તબિયત બગડતી ગઈ અને વિવિધ હોસ્પિટલોમાં સારવાર ચાલી. અંતે ૨૬ ડિસેમ્બરે લુધિયાણાના ડીએમસી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત થયું. પરિજનોનો દાવો છે કે કોલેજની કેટલીક યુવતીઓ દ્વારા સતત ત્રાસ આપવામાં આવતો હતો, જેના કારણે તે ડિપ્રેશનમાં જતી રહી હતી. વિદ્યાર્થિનીએ પોતાના મૃત્યુ પહેલા આ સમગ્ર ઘટનાક્રમ અંગે એક વીડિયો પણ જાહેર કર્યો હતો. પોલીસ મુજબ, ૧૮ સપ્ટેમ્બરે શરૂ થયેલી ઘટનાઓ બાદ તેની માનસિક સ્થિતિ ખરાબ થતી ગઈ અને સાત મોટા હોસ્પિટલોમાં સારવાર છતાં પણ તેની હાલતમાં કોઈ સુધારો થયો નહીં. અંતે ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સવારે લગભગ ૬ વાગ્યે તેનું અવસાન થયું.

આ મામલે એક મહત્વપૂર્ણ વળાંક એ છે કે પરિજનો દ્વારા ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સીએમ હેલ્પલાઈન નંબર ૧૧૦૦ પર કરાયેલી ફરિયાદમાં ન તો મારપીટનો ઉલ્લેખ હતો અને ન તો પ્રોફેસર અશોક કુમારનું નામ લેવામાં આવ્યું હતું. જોકે, વિદ્યાર્થિનીના અવસાન બાદ પરિજનો દ્વારા વિસ્તૃત ફરિયાદ નોંધાવવામાં આવી, જેના આધારે હવે FIR દાખલ કરવામાં આવી છે. કાંગડા જિલ્લાના એસપી અશોક રતનએ જણાવ્યું કે ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૭૫, ૧૧૫(૨), ૩(૫) તેમજ હિમાચલ પ્રદેશ શૈક્ષણિક સંસ્થાઓ (રેગિંગ પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૩ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે વિદ્યાર્થિનીની સારવાર સાત મોટા હોસ્પિટલોમાં થઈ હતી અને સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે.

# ઈન્દોરમાં જલકાંડ: ૩૦૦૦ હોસ્પિટલમાં, ૩૪ આઈસીયુમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્દોર

દેશના સૌથી સ્વચ્છ શહેર ઈન્દોરના ભગીરથપુરામાં આઠ દિવસથી પીવાનું દૂષિત પાણી પીવાના કારણે ૧૫થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે જ્યારે ૩૦૦૦થી વધુ લોકો બીમાર પડયા છે, જેમાંથી ૩૪ને આઈસીયુમાં દાખલ કરવા પડયા છે.

ભગીરથપુરામાં ઝેરી પાણી પીવાથી ઝાડા-ઉલ્ટીના નવા ૩૩૮ કેસ નોંધાયા છે. આ ઝેરી પાણી પીવાથી શુક્રવારે વધુ એક વૃદ્ધ મહિલાનું મોત થયાનું સામે આવ્યું છે. દૂષિત પાણી પીવાથી લોકોના મોત થતા અને ઝાડા-ઉલ્ટીનો રોગચાળો ફાટી નીકળતા લોકોમાં ભારે આક્રોશ ફેલાયેલો છે. બીજીબાજુ આ રોગચાળાનું કારણ પીવાનું દૂષિત પાણી હોવાનું લેબ ટેસ્ટમાં પુરવાર થતાં રાજ્ય સરકાર મુશ્કેલીમાં મુકાઈ છે. દેશમાં આઠ વર્ષથી ભારતના સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ જીતનારા મધ્ય પ્રદેશના આર્થિક પાટનગર ઈન્દોરના ભગીરથપુરામાં છેલ્લા આઠ દિવસથી પીવાનું દૂષિત પાણી નાગરિકો માટે જીવલેણ સાબિત થયું છે. ટોઈલેટવાળું ઝેરી પાણી પીવાથી શુક્રવારે વધુ એક મહિલાનું મોત નીપજ્યું હતું. વૃદ્ધ મહિલાને શહેરની અરવિંદો હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી હતી. મુખ્યમંત્રી મોહન યાદવે આ આપદાનો ભોગ બનેલા લોકોના પરિવારજનોને બે લાખ રૂપિયાની સહાય જાહેર કરી હતી. રાજ્ય સરકારે સ્થિતિની સમીક્ષા કરી લોકોને પીવાનું પાણી પૂરું પાડવા પાણીના ટેક્રરો મોકલ્યા હતા. જોકે, લોકો એટલા ગભરાયેલા છે કે પાણી પીવાથી પણ ડરી રહ્યા છે. અધિકારીઓએ કહ્યું કે, આ સ્થિતિનો સામનો કરવા માટે સ્વાસ્થ્ય વિભાગે ૨૧ ટીમ બનાવી છે, જેમાં ડોક્ટર, પેરામેડિકલ, એએનએમ અને આશા કાર્યકરોનો સમાવેશ કરાયો છે. તેઓ લોકોને ઘરે ઘરે જઈને પીવાનું પાણી ઉકાળીને પીવા, બહારનું ભોજન નહીં ખાવા માટે સમજાવી રહ્યાં છે. ઈન્દોરના ચીફ મેડિકલ એન્ડ હેલ્થ ઓફિસર ડો. માધવ પ્રસાદ હસાનીએ જણાવ્યું કે, શહેરની એક મેડિકલ કોલેજ દ્વારા તૈયાર કરાયેલા લેબ રિપોર્ટમાં એ બાબતની પુષ્ટી કરાઈ છે કે ભગીરથપુરા વિસ્તારમાં એક પાઈપલાઈનમાં લીકેજના કારણે પીવાનું પાણી દુષિત થઈ ગયું હતું, જેના કારણે સ્થાનિક લોકોમાં ઝાડા-ઉલ્ટીની બીમારી ફેલાઈ હતી. જોકે, તેમણે આ ટેસ્ટ રિપોર્ટની વિસ્તૃત વિગતો જણાવી નહોતી.

### મુખ્યમંત્રી ફડણવીસે આપ્યો સ્પષ્ટ સંદેશ

# મહારાષ્ટ્રમાં ફક્ત મરાઠી જ ફરજિયાત, બીજી કોઈ ભાષા નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે રાજ્યમાં ફક્ત મરાઠી ફરજિયાત છે, અને અન્ય કોઈ ભાષા લાદવામાં આવશે નહીં. તેમણે સતારામાં ૯૯મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનના ઉદ્ઘાટન સમારોહમાં આ નિવેદન આપ્યું હતું. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું હતું કે ફ્રેન્ચ અને સ્પેનિશ જેવી વિદેશી ભાષાઓ આવકાર્ય છે, પરંતુ ભારતીય ભાષાઓનો વિરોધ યોગ્ય નથી. ફડણવીસે યાદ કર્યું કે ગયા વર્ષે તેમની સરકારે વ્યાપક વિરોધ બાદ પ્રથમ ધોરણથી હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત બનાવવાનો નિર્ણય પાછો ખેંચી લીધો હતો. ત્યારબાદ, આ મુદ્દા પર ભલામણો આપવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે, "મુખ્યમંત્રી તરીકે, હું સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે મહારાષ્ટ્રમાં ફક્ત મરાઠી ફરજિયાત છે; બીજી કોઈ ભાષા ફરજિયાત નથી. વિદ્યાર્થીઓને તેમની પસંદગીની કોઈપણ ભારતીય ભાષા શીખવાની સ્વતંત્રતા છે. એકમાત્ર પ્રશ્ન એ હતો કે ત્રીજી ભાષા ક્યારે દાખલ કરવી.

તેમણે એમ પણ સમજાવ્યું કે સ્ફછ સરકાર દરમિયાન, એક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો જેમાં પ્રથમ ધોરણથી હિન્દી ફરજિયાત બનાવવાની ભલામણ કરવામાં આવી હતી. જોકે, વ્યાપક વિરોધ પછી, નરેન્દ્ર જાધવની આગેવાની હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિનો અહેવાલ અંતિમ તબક્કામાં છે, અને સરકાર ત્યારબાદ યોગ્ય નિર્ણય લેશે. ફડણવીસે એમ પણ કહ્યું કે મરાઠી માટે "અભીજીત ભાષા" નો દરજ્જો મેળવવા માટેનો લાંબો સંઘર્ષ આખરે સફળ થયો, જેમાં વડા પ્રધાન મોદીએ તેને મંજૂરી આપી. આમ છતાં, મરાઠી બોલનારાઓએ આત્મસંતુષ્ટ ન રહેવું જોઈએ.

મુખ્યમંત્રીએ એ પણ યાદ કર્યું કે કટોકટી દરમિયાન સતારામાં આયોજિત મરાઠી સાહિત્ય પરિષદમાં, પ્રખ્યાત લેખિકા દુર્ગા ભાગવતે કહ્યું હતું કે સાહિત્યને નિયમો સાથે બાંધવું હાસ્યાસ્પદ અને ખતરનાક બંને છે.

# પહેલા જ દિવસે ઝોહરાન મમદાનીના નિર્ણય પર ભડક્યું ઈઝરાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ન્યૂયોર્કના નવનિયુક્ત મેયર ઝોહરાન મમદાનીએ સત્તા સંભાળતાની સાથે જ પૂર્વ મેયરના બે કાર્યકારી આદેશોને રદ કરી દીધા છે, જેના કારણે ઈઝરાયલ સરકારે તેમની આકરી ટીકા કરી છે. ઈઝરાયલે મમદાની પર યહૂદી વિરોધી હોવાનો આરોપ લગાવ્યો છે.ન્યૂયોર્ક સિટીના પૂર્વ મેયર એરિક એડમ્સે ૨ કાર્યકારી આદેશો જારી કરીને કહ્યું હતું કે ઈઝરાયલ વિરુદ્ધની કેટલીક ટીકાઓને યહૂદી વિરોધી ગણવામાં આવશે અને કોઈ પણ ઈઝરાયલનો બહિષ્કાર નહીં કરે. જોકે, ગુરુવારે મેયર પદના શપથ ગ્રહણ કર્યાના થોડા કલાકો બાદ જ ઝોહરાન મમદાનીએ આ આદેશોને રદ કરવાની જાહેરાત કરી દીધી.

ઈઝરાયલના વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, "ન્યૂયોર્ક શહેરના મેયરે સત્તા સંભાળતાની સાથે જ પોતાનો અસલી ચહેરો બતાવી દીધો છે. તેમણે યહૂદી વિરોધી પગલું ભરતા કાર્યકારી આદેશોને રદ કરી દીધા છે અને ઈઝરાયેલના બહિષ્કાર પર લાગેલા પ્રતિબંધોને પણ હટાવી દીધા છે. આ યહૂદી વિરોધી આગમાં ઘી નાખવાનું કામ છે."આદેશો રદ કર્યા બાદ મમદાનીએ કહ્યું કે મેયર પાસે કોઈપણ કાર્યકારી આદેશ લાગુ કરવાનો અને તેને પાછો ખેંચવાનો અધિકાર હોય છે. તેમણે એમ પણ કહ્યું કે, "અમે ન્યૂયોર્કમાં યહૂદી નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ અને અમે તેને વાસ્તવમાં સાકાર કરીને બતાવીશું."

# પત્ની પાસેથી ઘરખર્ચનો હિસાબ માગવો ક્રૂરતા નથી : સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું છે કે જો પતિ ઘરનાં નાણાકીય નિર્ણયો પોતે લે છે અથવા પત્ની પાસેથી ખર્ચનો હિસાબ માંગે છે, તો તેને ક્રૂરતા ગણાવી શકાય નહીં, વિશેષ કરીને એવા કિસ્સામાં કે જ્યારે તેનાથી પત્નીને કોઈ ગંભીર માનસિક કે શારીરિક નુકસાન થયું હોવાનું સાબિત ન થાય.ન્યાયમૂર્તિ સર્વશ્રી બી.વી. નાગરત્ના અને આર. મહાદેવનની બેન્ચે ગુરુવારે દહેજ ઉત્પીડન અને ક્રૂરતા સંબંધિત એક કેસ રદ કરતાં આ ટિપ્પણી કરી. આ કેસમાં પત્નીએ પતિ પર આરોપ લગાવ્યો હતો કે તે તેને ઘરખર્ચનો એક-એક પૈસાનો હિસાબ એક્સેલ શીટમાં રાખવા મજબૂર કરતો હતો.બેન્ચે કહ્યું કે આ સ્થિતિ ભારતીય સમાજની એક વાસ્તવિકતા દર્શાવે છે, જ્યાં ઘણા પરિવારોમાં પુરુષો આર્થિક જવાબદારી પોતાના હાથમાં રાખે છે, પરંતુ માત્ર આ કારણસર તેને ગુનાની શ્રેણીમાં મૂકી શકાય નહીં. તેલંગાણામાં એક પતિ-પત્ની વચ્ચે લાંબા સમયથી મતભેદ ચાલતા હતા. પત્નીએ માર્ચ ૨૦૨૩માં પતિ અને તેના પરિવાર સામે ક્રૂરતા અને દહેજ ઉત્પીડનના આરોપ સાથે એફઆઈઆર નોંધાવી હતી. મહિલાનો દાવો હતો કે પતિ ઘરનાં નાણાં પર સંપૂર્ણ નિયંત્રણ રાખતો હતો.




### સરકાર-અલગતાવાદી જૂથ વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું

# યમનમાં સાઉદી અરેબિયાનો હવાઈ હુમલો, ૨૦ના મોત

### યમનમાં ગૃહયુદ્ધની શરૂઆત ૨૦૧૪માં થઈ હતી, જ્યારે ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહીઓએ રાજધાની સના સહિત ઉત્તરી યમનના મોટા ભાગ પર કબજો કરી લીધો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યમનમાં સત્તા અને પ્રભાવ માટે ચાલી રહેલી ખેંચતાણ એકવાર ફરી હિંસક વળાંક પર પહોંચી ગઈ છે. શુક્રવારે, સાઉદી અરબના નેતૃત્વવાળા સૈન્ય ગઠબંધને UAE-સમર્થિત સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (STC)ના ઠેકાણાઓ પર જોરદાર હવાઈ હુમલા કર્યા હતા. રિપોર્ટ્સ મુજબ, આ હુમલાઓમાં ઓછામાં ઓછા 20 અલગતાવાદી લડવૈયાઓના મોત થયાની પુષ્ટિ થઈ છે. આ કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે સંયુક્ત અરબ અમીરાત (UAE)એ યમનમાંથી પોતાની સેનાઓ પાછી ખેંચવાની જાહેરાત કરી હતી, જેણે બંને દેશો વચ્ચેના તણાવને ખુલ્લો પાડી દીધો છે.અહેવાલ અનુસાર, આ હવાઈ હુમલા અલ ખાશા અને સેયૂનમાં આવેલા સૈન્ય ઠેકાણાઓ પર કરવામાં આવ્યા હતા. આ હુમલામાં સેયૂન શહેરના એરપોર્ટને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના પછી ત્યાં હવાઈ પરિવહન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું હતું. આ પહેલીવાર છે જ્યારે સાઉદીના નેતૃત્વવાળા ગઠબંધને સીધા STCના ઠેકાણાઓ પર હુમલો કર્યો છે.યમનનું ભવિષ્ય ફરી એકવાર ગંભીર સંકટમાં ફસાયેલું દેખાઈ રહ્યું છે, કારણ કે દેશના દક્ષિણ ભાગમાં થયેલી આ ઘટનાએ સાઉદી અરબ અને UAEને પહેલીવાર સામસામે લાવી દીધા છે. UAE-સમર્થિત STCએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે હવે 'યુદ્ધ શરૂ થઈ ચૂક્યું છે'. STCએ આરોપ લગાવ્યો કે સાઉદી સમર્થિત જમીની દળોએ તેમના પર હુમલો કર્યો, જેને સાઉદી વાયુસેનાના હવાઈ હુમલાઓનું પણ સમર્થન મળ્યું.હુમલાના થોડા સમય પહેલા જ, સાઉદી સમર્થક દળોએ હદરમૌતમાં સૈન્ય ઠેકાણાઓ પર નિયંત્રણ મેળવવા માટે એક અભિયાન શરૂ કર્યું હતું, જેને શાંતિપૂર્ણ ગણાવાયું હતું. પરંતુ ગણતરીની મિનિટોમાં જ હવાઈ હુમલાઓએ પરિસ્થિતિને સંપૂર્ણપણે બદલી નાખી. આ હુમલાઓ બાદ UAEએ તણાવ ઓછો કરવાની વાત કરી અને દાવો કર્યો કે તેની છેલ્લી સૈન્ય ટુકડી યમન છોડી ચૂકી છે. STCના વિદેશી મામલાના પ્રતિનિધિ અમ્ર અલ બિધે સાઉદી અરબ પર આંતરરાષ્ટ્રીય સમુદાયને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે શાંતિપૂર્ણ અભિયાનની વાત કર્યાની મિનિટોમાં જ સાત હવાઈ હુમલા કરવામાં આવ્યા.યમનમાં ગૃહયુદ્ધની શરૂઆત 2014માં થઈ હતી, જ્યારે ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહીઓએ રાજધાની સના સહિત ઉત્તરી યમનના મોટા ભાગ પર કબજો કરી લીધો હતો. ત્યારપછી 2015માં, સાઉદી અરબ અને UAEની આગેવાની હેઠળના ગઠબંધને સરકારની સત્તા પુનઃસ્થાપિત કરવા માટે સૈન્ય અભિયાન શરૂ કર્યું. આ યુદ્ધે યમનને વર્ષોની હિંસા, તબાહી અને દુનિયાના સૌથી ભીષણ ભૂખમરાના સંકટમાં ધકેલી દીધું. પરંતુ હવે હૂતીઓ વિરુદ્ધ બનેલું સાઉદી સમર્થિત ગઠબંધન પોતે જ અંદરથી વિખેરાઈ રહ્યું છે, જેના કારણે યમનના ભાગલા પડવાનો ખતરો હવે વાસ્તવિક સંભાવના બની રહ્યો છે.

